એકમ 7

# પુરવઠામાં ફેરફાર

## : રૂપરેખા :

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 પુરવઠાને અસર કરતા પરિબળો

7.2.1 વસ્તુની કિંમત

7.2.2 ઉત્પાદન ખર્ચ

7.2.3 માટે હરીફ વસ્તુના ભાવ

7.2.4 ભાવો અંગેની ધારણા

7.2.5 કુદરતી પરિબળો

7.2.6 સાધનોની કાર્યક્ષમતા અને સાધન સંયોજન

7.2.7 પેઢીઓની સંખ્યા

7.2.8 ઔદ્યોગિક શાંતિ

7.2.9 રાજકીય પરિસ્થિતિ

7.2.10 રાજ્ય તરફથી અપાતા પ્રોત્સાહનો

7.3 પુરવઠામાં વિસ્તરણ - સંકોચન

7.3.1 પુરવઠામાં વિસ્તરણ

7.3.2 પુરવઠામાં સંકોચન

7.4 પુરવઠામાં વધારો - ઘટાડો

7.4.1 પુરવઠામાં વધારો

7.4.2 પુરવઠામાં ઘટાડો

7.5 સારાંશ

7.6 તમારી પ્રગતિ ચકાસો

7.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 7.0 ઉદ્દેશો

આ એકમ દ્વારા તમે શીખશો -

- પુરવઠાને અસર કરતા વિવિધ પરિબળો
- પુરવઠામાં વિસ્તરણ - સંકોચનની આલેખ દ્વારા સમજૂતી
- પુરવઠામાં વધારા - ઘટાડાની આલેખ દ્વારા સમજૂતી

## 7.1 પ્રસ્તાવના

અગાઉના પ્રકરણમાં આપણે પુરવઠાનો અર્થ, પુરવઠાનો નિયમ અને તેના અપવાદો વિશે ચર્ચા કરી. પ્રસ્તુત પ્રકરણમાં આપણે પુરવઠાને અસર કરતા પરિબળો તેમજ પુરવઠામાં વિસ્તરણ - સંકોચન, પુરવઠામાં વધારા - ઘટાડાની વિસ્તૃત સમજ કેળવીશું. આપણે સામાન્ય રીતે એમ સમજતા હોઈએ

છીએ કે, કિંમતમાં ફેરફાર થવાથી જ પુરવઠામાં ફેરફાર થાય છે, પરંતુ માત્ર કિંમતમાં ફેરફાર થવાથી જ પુરવઠામાં ફેરફાર થતો નથી, કિંમત સિવાયના ઘણા પરિબળો છે કે જેના કારણે પણ પુરવઠામાં વધારો-ઘટાડો કે વિસ્તરણ-સંકોચન થતું હોય છે.

## 7.2 પુરવઠાને અસર કરતા પરિબળો:

ઉત્પાદક દ્વારા બજારમાં વેચવા માટે જે ઉત્પાદન (પુરવઠો) મૂકવામાં આવે છે, તે નીચે મુજબ કેટલાક પરિબળોથી પ્રભાવિત થાય છે.

### 7.2.1 વસ્તુની કિંમત:

વસ્તુની કિંમત માંગની જેમ જ પુરવઠાને પણ સીધી રીતે અસર કરે છે. કોઈપણ વસ્તુના પુરવઠાને અસર કરતુ એક મહત્ત્વનું પરિબળ વસ્તુની કિંમત છે, કિંમતમાં થતા ફેરફારો પુરવઠામાં ફેરફાર લાવે છે. સામાન્ય રીતે વસ્તુની કિંમત વધવાથી ઉત્પાદકોને નફાની શક્યતા વધે છે, તેથી તેઓ બજારમાં વધુ પુરવઠો મૂકવા પ્રેરાશે જેના પરિણામે પુરવઠો વધશે. બીજી તરફ જો વસ્તુની કિંમતમાં ઘટાડો થાય, તો નફાનું પ્રમાણ ઘટવાની શક્યતા રહે છે, આવી પરિસ્થિતિમાં ઉત્પાદક વસ્તુનો પુરવઠો ઘટાડશે. આમ, કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે.

### 7.2.2 ઉત્પાદન ખર્ચ:

વસ્તુના ઉત્પાદન સાધનોના ભાવો બદલાય, ઉત્પાદન પધ્ધતિ બદલાય, કાચામાલની ગુણવત્તા બદલાય આ તમામ બાબતો ઉત્પાદન ખર્ચને અસર કરે છે જે પરિણામે પુરવઠાને અસર પહોંચાડે છે. દા.ત. ઉત્પાદન પધ્ધતિમાં અર્થાત ટેકનોલોજીમાં એ રીતનો સુધારો થાય કે જેથી ઓછા સમયમાં, ઓછા ખર્ચે અને વધુ ઝડપથી ઉત્પાદન શક્ય બને અથવા તો ઉત્પાદનના સાધનોની કિંમતમાં ઘટાડો થાય તો ઉત્પાદન ખર્ચ ઘટશે, જેના પરિણામે વસ્તુના પુરવઠામાં વધારો થશે. બીજી તરફ જો ઉત્પાદન પધ્ધતિ વધુ ખર્ચાળ બને તથા સાધનો પણ ઊંચી કિંમતે પ્રાપ્ત થતા હોય તો ઉત્પાદન ખર્ચ વધતા વસ્તુના પુરવઠામાં ઘટાડો થવા પામશે.

### 7.2.3 ઉત્પાદન માટે હરીફ વસ્તુના ભાવ :

બજારમાં ઉપલબ્ધ ઘણી વસ્તુઓની સાથે તેમની હરીફ વસ્તુઓ પણ ઉપલબ્ધ હોય છે. આવી હરીફ વસ્તુની કિંમતમાં થતો ફેરફાર મૂળ વસ્તુના પુરવઠા પર અસર નીપજાવે છે. જેમકે, ખેતીલાયક જમીન પર જુવાર અને બાજરી એકબીજાના હરીફ પાકો છે. જો બાજરીના ભાવો વધશે તો ખેડૂતોને બાજરીનું ઉત્પાદન વધુ આકર્ષક લાગશે, તેથી બાજરીનો પુરવઠો વધવા પામશે અને જુવારનો પુરવઠો ઘટશે. આનાથી ઉલટું જો બાજરીના ભાવો ઘટી જશે તો ખેડૂતો જુવારના ઉત્પાદન તરફ વળશે, તેથી જુવારનો પુરવઠો વધશે અને બાજરીનો પુરવઠો ઘટશે. બીજી રીતે કહીએ તો જુવાર અને બાજરીનાં પુરવઠાનો આધાર અમુક અંશે એકબીજાના ભાવ પર રહેલો છે.

### 7.2.4 ભવિષ્યના ભાવો અંગેની ધારણા :

ઉત્પાદકો અને વેપારીઓ ભવિષ્યના ભાવો અંગે કેવી ધારણા સેવે છે તે પણ કોઈ એક વસ્તુના પુરવઠાને અસર કરતુ અગત્યનું પરિબળ છે. દા.ત. ઉત્પાદકો અને વેપારીઓ જો એવી અપેક્ષા રાખતા હોય કે અનાજના ભાવો ભવિષ્યમાં વધવાના છે તો તેઓ વર્તમાનમાં ઓછા પ્રમાણમાં અનાજ વેચવા તૈયાર થશે, જેથી ભવિષ્યમાં વધુ ભાવનો લાભ મેળવી વધુ નફો કમાઈ શકાય. આમ થતા અનાજનો પુરવઠો બજારમાં ઘટવા પામશે. બીજી તરફ ઉત્પાદકો અને વેપારીઓ જો ભવિષ્યમાં ભાવ ઘટાડાની અપેક્ષા રાખતા હશે તો હાલનો જથ્થો તેઓ ઓછો કરીને વધુ કિંમતનો લાભ લેવા બજારમાં ઠાલવવા માંડશે. જેને લીધે પુરવઠામાં વધારો થવા પામશે.

### 7.2.5 કુદરતી પરિબળો :

કુદરતી પરિબળો જેવા કે, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ધરતીકંપ વગેરે ખેતપેદાશોના પુરવઠા પર અસર કરે છે. આને લીધે અનાજ અને અન્ય ખેતપેદાશોનો પુરવઠો ઘટવા પામે છે. આથી વિપરિત,

કુદરતી પરિબળો સાનુકૂળ હોય ત્યારે ખેતપેદાશની વસ્તુઓનો પુરવઠો વધે છે. એ જ રીતે આગ અને યુધ્ધ જેવી ઘટનાઓ ઉદ્યોગોના પુરવઠા પર પ્રતિકૂળ અસર નીપજાવે છે.

### 7.2.6 સાધનોની કાર્યક્ષમતા અને સાધન સંયોજન:

ઉત્પાદનના સાધનો જેટલા વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક હશે તેટલે અંશે વસ્તુના પુરવઠા પર તે સાનુકૂળ અસર નિપજાવશે. એ જ રીતે ઉત્પાદનના વિવિધ સાધનોનું જો ઇષ્ટતમ સંયોજન હોય તો ઉત્પાદન ન્યૂનતમ ખર્ચે મેળવી શકાશે જેને લીધે પણ વસ્તુના પુરવઠામાં વધારો થવા પામશે. આનાથી વિપરિત પરિસ્થિતિમાં વસ્તુના પુરવઠા પર પ્રતિકૂળ અસર પડશે.

### 7.2.7 પેઢીઓની સંખ્યા:

પેઢીઓની સંખ્યા પણ પુરવઠા ને અસર કરતુ અગત્યનું પરિબળ છે. જો બજારમાં જે-તે વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓની સંખ્યામાં વધારો થાય તો પુરવઠો વધે છે અને જો પેઢીઓની સંખ્યામાં ઘટાડો થાય કે પછી અમુક પેઢીઓ બંધ થાય તો વસ્તુનો પુરવઠો ઘટે છે.

### 7.2.8 ઔદ્યોગિક શાંતિ:

જો દેશમાં ઔદ્યોગિક શાંતિ પ્રવર્તતી હોય, માલિકો અને કામદારો વચ્ચેના સંબંધોમાં સુમેળ, મીઠાશ અને એખલાસ હોય તો ઉત્પાદનની પ્રક્રિયા અવિરત ચાલ્યા કરતી હોય છે, જેના પરિણામે પુરવઠામાં વધારો થવા પામે છે. બીજી તરફ જો ઔદ્યોગિક અશાંતિ, હડતાલ, તાળાબંધી વગેરે હોય તો તેની ઉત્પાદન ઉપર વિપરિત અસર પડે છે અને પરિણામે પુરવઠો ઘટવા પામે છે.

### 7.2.9 રાજકીય પરિસ્થિતિ:


દેશમાં રાજકીય સ્થિરતા હોય, કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાતા હોય તો ઉત્પાદન વધારવા માટે સાનુકૂળ પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે જેને પરિણામે પુરવઠામાં વધારો થાય છે અને જો દેશમાં રાજકીય અસ્થિરતા અને અરાજકતા ફેલાયેલી હોય તો પુરવઠામાં ઘટાડો થાય છે.

### 7.2.10 રાજ્ય તરફથી અપાતા પ્રોત્સાહનો:

કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે રાજ્ય તરફથી જો વિવિધ પ્રકારના પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવે જેમ કે, મોકળાશનું વાતાવરણ, સરકાર તરફથી ન્યૂનતમ દખલગીરી, ધિરાણ અને વેચાણની સવલતો, સબસીડી, યોગ્ય કર નીતિ, હરિફાઈને ઉત્તેજન વગેરે - તો તેના પરિણામે પુરવઠો વધે છે. આનાથી વિપરિત પરિસ્થિતિમાં પુરવઠામાં ઘટાડો થાય છે.

## 7.3 પુરવઠામાં વિસ્તરણ - સંકોચન:

અગાઉ આપણે જોઈ ગયા તેમ પુરવઠાના નિયમ પ્રમાણે જો અન્ય પરિબળો યથાવત રહે અને વસ્તુની કિંમત વધે તો તેનો પુરવઠો વધે અને જો કિંમત ઘટે તો તેનો પુરવઠો ઘટે છે. આમ, અન્ય પરિબળો યથાવત રહે અને માત્ર વસ્તુની કિંમતમાં વધારો કે ઘટાડો થાય અને એના પરિણામે પુરવઠામાં જે ફેરફાર થાય છે તેને વિસ્તરણ - સંકોચન કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે અન્ય પરિબળો સ્થિર રહે અને માત્ર ને માત્ર વસ્તુની કિંમતમાં વધારો થવાથી પુરવઠામાં જે વધારો થાય છે તે પુરવઠાનું વિસ્તરણ છે આજ રીતે માત્ર વસ્તુની કિંમતમાં ઘટાડો થવાથી પુરવઠામાં જે ઘટાડો થાય છે તે પુરવઠાનું સંકોચન છે. અહીં ઉત્પાદન ખર્ચ, સાધન કિંમત, ભવિષ્યના ભાવો વિશેના અંદાજો, પેઢીઓની સંખ્યા વગેરે જેવી બાબતો સ્થિર ધારી લેવામાં આવે છે. પુરવઠામાં થતું વિસ્તરણ અને સંકોચન નીચેની આકૃતિ દ્વારા સમજી શકાય.




ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ox ધરી ઉપર વસ્તુનો પુરવઠો અને oy ધરી ઉપર વસ્તુની કિંમત છે, જ્યારે ss એ પુરવઠા રેખા છે કે જે ધન ઢાળ ધરાવે છે અર્થાત કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ દર્શાવે છે.

### 7.3.1 પુરવઠામાં વિસ્તરણ:

આકૃતિમાં જણાવ્યા મુજબ B બિંદુએ જ્યારે વસ્તુની કિંમત 2 રૂ. હોય છે ત્યારે તેનો પુરવઠો 20 એકમ હોય છે, એટલે કે 2 રૂ. ની કિંમતે ઉત્પાદકો 20 એકમ જેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે. જો વસ્તુની કિંમત 2 રૂ. થી વધીને 3 રૂ. થાય તો તેનો પુરવઠો 20 એકમથી વધીને 30 એકમ થાય છે, એટલે કે 3 રૂ.ની કિંમતે ઉત્પાદકો 30 એકમ જેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે. આમ, કિંમતમાં 1 રૂ.નો વધારો થતા પુરવઠામાં 10 એકમ જેટલો વધારો થાય છે જે પુરવઠામાં થતું વિસ્તરણ સૂચવે છે. આકૃતિમાં જોતા માલૂમ પડે છે કે 3 રૂ. જેટલી કિંમતે 30 એકમ જેટલો પુરવઠો છે. અહી પુરવઠાનું વિસ્તરણ થતા પુરવઠા રેખા પરનું બિંદુ જમણી બાજુ ઉપર તરફ ખસે છે એટલે કે B બિંદુથી C બિંદુ થાય છે.

### 7.3.2 પુરવઠામાં સંકોચન:


આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે B બિંદુ એ વસ્તુની કિંમત 2 રૂ. અને તેનો પુરવઠો 20 એકમ છે. હવે જો વસ્તુની કિંમત 2 રૂ.થી ઘટીને 1 રૂ. થાય તો વસ્તુનો પુરવઠો 20 એકમથી ઘટીને 10 એકમ થાય છે. એટલે કિંમતમાં 1 રૂ.નો ઘટાડો થતા પુરવઠામાં 10 એકમનો ઘટાડો થાય છે અર્થાત કિંમત ઘટતા ઉત્પાદક 10 એકમ જેટલો ઓછો જથ્થો વેચવા માટે તૈયાર થશે, જે પુરવઠામાં થતું સંકોચન દર્શાવે છે. પુરવઠાનું સંકોચન થતા પુરવઠા રેખા પરનું બિંદુ ડાબી બાજુ નીચે તરફ ખસે છે. એટલે કે B બિંદુથી A બિંદુ થાય છે.

અહીં પુરવઠાના વિસ્તરણ અને સંકોચનમાં એ બાબત ધ્યાનમાં રાખવી ખૂબ જ જરૂરી છે કે પુરવઠાની અનુસૂચિ અને પુરવઠા રેખામાં કોઈ જ ફેરફાર થતો નથી. પુરવઠા રેખા એ જ રહે છે અને માત્ર તેના પરનું બિંદુ જ બદલાય છે. પુરવઠામાં થતું વિસ્તરણ એ માત્ર વસ્તુ કે સેવાની કિંમતમાં થતા વધારાનું પરિણામ છે અને પુરવઠાનું સંકોચન એ માત્ર કિંમતમાં થતા ઘટાડાનું પરિણામ છે.

## 7.4 પુરવઠામાં વધારો - ઘટાડો:

અગાઉ આપણે જોયું તેમ પુરવઠાના નિયમમાં અન્ય વસ્તુની કિંમત, ઉત્પાદન ખર્ચ, સાધન કિંમત, ભવિષ્યના ભાવો, સરકારની કરવેરા નીતિ, પેઢીઓની સંખ્યા, અને અન્ય કેટલાક પરિબળો સ્થિર ધારવામાં આવ્યા છે. પરંતુ જો આ પરિબળોમાં ફેરફાર થાય તો તેની પુરવઠા ઉપર અસર પડે જ છે અર્થાત પુરવઠામાં વધારો થશે કે ઘટાડો તે વસ્તુ કે સેવાની કિંમત સિવાયના પરિબળોમાં થતા ફેરફાર ઉપર આધારિત છે. અહીં વસ્તુની કિંમતમાં કોઈ જ ફેરફાર થતો નથી તેમ છતાં પુરવઠાની રેખા

બદલાય છે. આમ, પુરવઠા ઉપર જયારે કિંમત સિવાયના પરિબળોની અસર થાય છે ત્યારે તેને પુરવઠામાં વધારો - ઘટાડો કહે છે.




ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ox ધરી ઉપર વસ્તુનો પુરવઠો અને OY ધરી ઉપર વસ્તુની કિંમત છે અને SS એ પુરવઠા રેખા છે કે જે ધન ઢાળ ધરાવે છે અર્થાત કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ દર્શાવે છે. અહિયાં કિંમત યથાવત રહેવા છતાં પુરવઠામાં થતો ફેરફાર સમજાવવામાં આવ્યો છે.

### 7.4.1 પુરવઠામાં વધારો:

જો વસ્તુની કિંમત સ્થિર રહે અને અન્ય પરિબળોમાં ફેરફાર થવાથી વસ્તુનો પુરવઠો વધે તો તેને પુરવઠામાં થતો વધારો કહે છે. આકૃતિમાં જણાવ્યા પ્રમાણે B બિંદુએ વસ્તુની કિંમત 3 રૂ. છે ત્યારે તેનો પુરવઠો 20 એકમ છે. હવે જો વસ્તુની કિંમતમાં કોઈ જ ફેરફાર ન થાય અને માત્ર અન્ય પરિબળો બદલાય તો નવી પુરવઠા રેખા અસ્તિત્વમાં આવે છે. આકૃતિમાં S1S1 એ નવી પુરવઠા રેખા છે. ત્યાં C બિંદુએ વસ્તુની કિંમત 3 રૂ. જ છે, જેમાં કોઈ પરિવર્તન થયું નથી છતા તેનો પુરવઠો 20 એકમથી વધીને 30 એકમ થાય છે. અહીં પુરવઠામાં વધારો થતા પુરવઠા રેખા જમણી બાજુ ખસે છે અને નવી પુરવઠા રેખા અસ્તિત્ત્વમાં આવે છે, અર્થાત અહી પુરવઠાની અનુસૂચિમાં પણ ફેરફાર થાય છે.

### 7.4.2 પુરવઠામાં ઘટાડો:

જો વસ્તુની કિંમત સ્થિર રહે અને અન્ય પરિબળોમાં ફેરફાર થવાથી વસ્તુનો પુરવઠો ઘટે તો તેને પુરવઠામાં થતો ઘટાડો કહે છે. આકૃતિમાં જણાવ્યા પ્રમાણે B બિંદુએ વસ્તુની કિંમત 3 રૂ. છે ત્યારે તેનો પુરવઠો 20 એકમ છે. હવે જો વસ્તુની કિંમતમાં કોઈ જ ફેરફાર ન થાય અને માત્ર અન્ય પરિબળો બદલાય તો નવી પુરવઠા રેખા અસ્તિત્ત્વમાં આવે છે. આકૃતિમાં S2S2 એ નવી પુરવઠા રેખા છે. ત્યાં A બિંદુએ વસ્તુની કિંમત 3 રૂ. જ છે, જેમાં કોઈ પરિવર્તન થયું નથી છતા તેનો પુરવઠો 20 એકમ થી ઘટીને 10 એકમ થાય છે. અહીં પુરવઠામાં ઘટાડો થતા પુરવઠા રેખા ડાબી બાજુ ખસે છે અને નવી પુરવઠા રેખા અસ્તિત્ત્વમાં આવે છે, અર્થાત્ અહીં પુરવઠાની અનુસૂચિ પણ બદલાય છે.

## 7.5 સારાંશ:

આમ, પુરવઠાને વિવિધ પરિબળો અસર કરતા હોય છે, જેના દ્વારા પુરવઠાનું પ્રમાણ નક્કી થતું હોય છે. જે વસ્તુ જીવન જરૂરિયાતની હોય અથવા જેના વગર ચલાવી શકાય એમ ન હોય તેવી વસ્તુઓનો પુરવઠો વધુ હોય તે ઇચ્છનીય છે. પુરાવઠો વધુ હોવાથી તે વસ્તુની કિંમત ઓછી રહેતા તમામ લોકો તેને ખરીદી શકે, બીજી તરફ જે વસ્તુઓ સમાજ માટે નુકશાનકારક હોય તેવી વસ્તુઓનો પુરવઠો ઘટે એ જરૂરી છે. જે માટે સરકાર કરવેરા દ્વારા આવી વસ્તુઓનાં ઉત્પાદનમાં ઘટાડો કરી તેના પુરવઠામાં ઘટાડો કરી શકાય છે.

## 7.6 તમારી પ્રગતિ ચકાસો:

**ટૂંકમાં જવાબ આપો.**

1. વસ્તુની કિંમત પુરવઠા પર કેવી અસર કરે છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

2. ઉત્પાદન ખર્ચમાં થતા ફેરફારની પુરવઠા પર શું અસર થાય છે?

.................................................................................

.................................................................................

.................................................................................

3. કુદરતી પરિબળોની પુરવઠા પર કેવી અસર થાય છે?

.................................................................................

.................................................................................

.................................................................................

4. પુરવઠાને અસર કરતા પરિબળોનો નિર્દેશ કરો?

.................................................................................

.................................................................................

.................................................................................

5. પુરવઠામાં વિસ્તરણ - સંકોચન શેના પરિણામે થાય છે?

.................................................................................

.................................................................................

.................................................................................

6. પુરવઠામાં વધારો ઘટાડો શેના પરિણામે થાય છે?

.................................................................................

.................................................................................

.................................................................................

· **ટૂંકનોંધ લખો.**

1. પુરવઠાને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. પુરવઠામાં વિસ્તરણ અને સંકોચનની ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. પુરવઠામાં વધારો-ઘટાડો સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

· નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

1. પુરવઠાને અસર કરતા પરિબળોની વિસ્તૃત ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન અનેપુરવઠામાં વધારો-ઘટાડો સવિસ્તૃત સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 7.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો:


1. આર.કે. અમીન, અર્થશાસ્ત્રના સિધ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. હેમંતકુમાર શાહ, એકમલક્ષી અર્થશાસ્ત્ર, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
3. M.L. Jhingan, Micro Economics, VrundaPublivcation, Delhi.
4. H.L. Ahuja, Introductory Economic Theory, S. Chand Publishing, Delhi.
5. H.L. Ahuja, Principles of Micro Economics, S. Chand Publishing, Delhi.
6. D.N. Dwivedi, Microeconomics: Theory and Applications, Vikas Publishing, Delhi.
7. AmitKumarUpadhyay, Principles of Economics, Vikas Publishing, Delhi.
8. S.P. Singh, Micro Economics, S. Chand Publishing, Delhi.
9. M Girija, U K SudhaNayak, R Meenakshi, R Cauvery & N Kruparani, Microeconomic Theory, S. Chand Publishing, Delhi.